Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

પુસ્તક નં. ૯૧
સને : ૧૯૯૩-૯૪
સંવત : ૨૦૫૦
અંક નં : ૧થી૮

શ્રી આત્માનંદ પ્રકાશ
1993-94
:-91 અંક :- 1-8

# શ્રી આત્માનંદ પ્રકાશ

વાર્ષીક ફાઈલ

શ્રી જૈન આત્માનંદ સભા
ખારગેઈટ, ભાવનગર - ૩૬૪૦૦૧.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી આત્માનંદ પ્રકાશ



સતનું ચિત્ત ચિંતન રે કરવું,
સતવાચક નિશ્ચય ઉચ્ચરવું,
નહિ કામ અસત્ય કદી કરવું,
જશથી ઝળકીત જગે ફરવું.


પુસ્તક : ૯૧
અંક : ૧

કારતક
ડીસેમ્બર
૧૯૯૩

આત્મ સંવત ૯૮
વીર સંવત ૨૫૨૦
વિક્રમ સંવત ૨૦૫૦


For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# અ નુ ક્ર મ ણિ કા


| ક્રમ | લેખ | લેખક | પૃષ્ઠ |
|---|---|---|---|
| ૧ | શ્રી વીરજિનેશ્વર–સ્તવન | — | ૧ |
| ૨ | નૂતન વર્ષના મંગળ પ્રભાતે | હિંમતલાલ અનોપચંદ (મોતીવાળા) | ૨ |
| ૩ | કલિકાલસર્વજ્ઞ શ્રી હેમચન્દ્રાચાર્ય | પં. શીલચન્દ્રવિજયજી ગણિ | ૪ |
| ૪ | અંધકારથી પ્રકાશ તરફ પ્રયાણનું પર્વ | આચાર્યશ્રી વિજયઇન્દ્રદિનસૂરીશ્વરજી મ. | ૮ |
| ૫ | ચિંતા | — | ૧૦ |
| ૬ | ક્રાંતદ્રષ્ટા આચાર્ય | ડો. કુમારપાળ દેસાઇ | ૧૩ |


## આ સભાના નવા આજીવન સભ્યો

## (૧) શ્રી ધર્મેન્દ્રભાઇ ભાસ્કરભાઇ શાહ ઘાટકોપર–મુંબઈ.
## (૨) શ્રી નાગરદાસ શામજીભાઈ દોશી–ભાવનગર.

## સ્નેહમીલન

શ્રી જૈન આત્માનંદ સભા તરફથી સં. ૨૦૫૦ના કારતક શુદ ૧ રવિવાર તા. ૧૪–૧૧–૯૩ના રોજ દર વર્ષ મુજબ આ વર્ષે પણ નૂતન વર્ષાભિનંદન અને દુધ પાર્ટી સભામાં રાખવામાં આવેલ હતી. તેમાં સભાના સારી સંખ્યામાં સભ્યશ્રીઓ પધારેલ હતા. અને દરેકે નૂતન વર્ષાભિનંદન પાઠવેલ, દુધ પાર્ટી લઇને આનંદ અને ઉલ્લાસથી છુટા પડેલ હતા.

લી.

શ્રી જૈન આત્માનંદ સભા, ભાવનગર

## –: મોહ :–

પ્રમાદ અને મોહ માનવીનાં મહાશત્રુ છે, પ્રમાદ એટલે કરવાનું હોય તે ન થાય. અને ન કરવાનું થઈ જાય. આવું અસાવધાન પણું ને મોહ એટલે અસત્યમાં સત્યની ભ્રાન્તિ આવી ભ્રાન્તિમાં અટવાય અને ખોટાને સાચુ ગણી એની પાછળ દોડે એ આખી જીંદગી દુઃખી દુઃખી થઈ જાય.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી આત્માનંદ પ્રકાશ

માનદ્તંત્રી : શ્રી પ્રમોદકાંત ખીમચંદ શાહ એમ.એ., બી.કોમ, એલ.એલ.બી.

## શ્રી વીરજિનેશ્વર-સ્તવન

( રાગ-છોટી બડી સૈયાં રે, જાલી કા મેરા ગુંથના )

**મહાવીરસ્વામી !** રે. પ્રભુજી ! મને તારજો,

આશા ધરીને હું, આવ્યો છું દ્વારે, આવ્યો છું દ્વારે,<br>
અંતરજામી ! રે વિનંતિ અવધારજો....મહાવીર. ૧

ભવભવ ભમતાં, પાર ન આવ્યો, પાર ન આવ્યો,<br>
ચઉગતિભ્રમણા રે, પ્રભુજી ! મારી ટાળજો....મહાવીર. ૨

પ્રભુ ! તુજ દર્શન, આનંદદાયક, આનંદદાયક,<br>
મનવિસરામી ! રે, કર્મોના બંધ કાપજો....મહાવીર. ૩

સુખકર સ્વામી !, સાહિબ મેરા, સાહિબ મેરા,<br>
ભવોભવ માગું રે, પ્રભુજી ! સેવા આપજો. મહાવીર. ૪

ભવિજનત્રાતા !, શિવસુખદાતા, શિવસુખદાતા,<br>
જન્મ-મરણનાં રે, જંબૂનાં દુઃખ વારજો....મહાવીર. ૫



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# નૂતન વર્ષના મંગળપ્રભાતે

લેખક :- હિંમતલાલ અનોપચંદ (મોતીવાળા)
(મંત્રી, શ્રી જૈન આત્માનંદ સભા)

**આ** નુતન વર્ષના મંગલપ્રભાતથી આપણી શ્રી જૈન આત્માનંદ સભા **૯૮માં વર્ષમાં** જ્ઞાનગંગા વહેવડાતા વિરાટ સાગર સમીપ ( શતાબ્દી વર્ષ નજીક ) પહોંચવા સતત્ વૃદ્ધી પામી રહી છે.

આત્માનંદ પ્રકાશ માસીક **૯૧ માં વર્ષમાં** પ્રવેશ કરે છે. તે આ સંસ્થા માટે ગૌરવ રૂપ છે. અને તેમાં અસ્ખલીત ગુરૂ ભગવંતો ના સુંદર લેખો તથા જૈન દર્શન અને સાહિત્ય અને ઇતીહાસ ના લેખો કાવ્યે સ્તવનો સ્તુતીઓ અમે પ્રગટ કરીએ છીએ.

આપણી સંસ્થા તરફથી ફ્રી વાંચનાલયનો ખુબ સારો લાભ લેવાય છે. વાંચનાલયના ટેબલ ઉપર દૈનીકો, અઠવાડીકો માસીકો મુકવામાં આવે છે.

આપણી આ સભાની લાયબ્રેરીમાં જૈન દર્શનના પુસ્તકો, પ્રતો, હસ્ત લેખીત પ્રતો તથા અંગ્રેજી, હિંદિ, સંસ્કૃત. પુસ્તકોનો બહોળા પ્રમાણમાં ઉપયોગ થાય છે.

P.H.D. (પી.એચ.ડી ) ના વિદ્યાર્થીઓને આપણી સભાના ગ્રંથો, પુસ્તકો, ખુબ ઉપયોગી થાય છે.

આપણી પાસે સુરક્ષીત હસ્ત લેખીત પ્રતાનો વિશાળ ભંડાર છે. વિદ્વાન ગુરૂ ભગવંતો તેનો ઉપયોગ કરે છે. પરદેશમાં પણ આપણા આ હસ્ત લેખીત જ્ઞાન ભંડાર ની ખ્યાતી છે. ગત વર્ષમાં કેનેડા (અમેરીકા) થી કેનેડા યુનીવર્સીટીના પ્રોફેસર શ્રી અખલુજકર આપણા જ્ઞાન ભંડારની મુલાકાતે આવ્યા હતા. અને તેમને ઉપયોગી પ્રતોની ઝેરોક્સ નકલ લઇ ગયા છે. આવા સુરક્ષીત જ્ઞાન ભંડાર જોઈ ખુબ ખુશી થયા હતા

આપણી સભા દ્વારા પ્રકાશીત થયેલ પુસ્તકોની દેશ પરદેશમાં ઘણી માંગ રહે છે.

આપણી સભા ધ્વારા મેંબરોના યાત્રા પ્રવાસો યોજાય છે. ગત વર્ષમાં માગશર માસમાં ઘોઘા યાત્રા પ્રવાસ યોજેલ જેમાં ખુબ સારી સંખ્યામાં મેંબર સાહેબો તથા ગેસ્ટની હાજરી રહી હતી.

મહા તથા ચૈત્ર માસની યાત્રા સિદ્ધગીરીની બે દિવસ તા. ૨૭-૨૮ માર્ચમાં યોજાયેલ હતી તેમાં પણ સારી સંખ્યામાં લાભ લેવાયો ગુરૂભક્તિનો લાભ પણ સારો લેવાયો હતો.

તળાજા તીર્થની યાત્રા જેઠ માસમાં યોજાઈ હતી ૨૦ જુન રવીવારે સારા પ્રમાણમાં લાભ લેવાયો હતો.

ઇતિર પ્રવૃત્તિમાં આપણી સભાએ સંસ્કૃત વિષયમાં ૮૦ % થી વધુ માર્કસ મેળવનાર દસ વિદ્યાર્થી ભાઈ-બહેનોને કુલ રૂા. ૬૨૦/-ના પારીતોષીક સ્વરૂપે ઈનામ આપવામાં આવેલ તથા ઉચ્ચ અભ્યાસ કરનાર વિદ્યાર્થી-વિદ્યાર્થીનીઓને કુલ રૂા. ૪૦૦૦/- શિષ્યવૃત્તી તરીકે આપવામાં આવ્યા હતા.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

આપણી સભા દ્વારા એક અત્યંત ઉપયોગી ગ્રંથ **"શ્રી તીર્થંકર ચરિત્ર"** સચીત્ર કે જેમાં ચોવિશે તીર્થંકર પરમાત્માના પ્રત્યેક ભવની સંક્ષિપ્ત ચરીત્ર તથા પ્રત્યેક પ્રભુના વર્ણ પ્રમાણે રંગબેરંગી ફોટાઓ તથા યક્ષ યક્ષિણીઓ તથા નીર્વાણ ભુમી વગેરે તમામ ફોટાઓ સાથે સમાવેશ કરવામાં આવશે સુંદર ઓફસેટ પ્રીન્ટીગ કરાવવા ભાવના છે. આ કાર્ય માટે પ્રયત્ન ચાલુ છે. અને શાસનદેવની અને ગુરૂ ભગવંતોની કૃપાથી કાર્ય સાકાર બનશે.

પરમ જ્ઞાનિ ગુરૂ ભગવંત **શ્રી જંબુવિજયજી** દ્વારા સંશોધન થઈ રહેલ **"શ્રી સ્થાનંગ સૂત્ર"** સટીકનું પ્રકાશન પ. પૂ. ગુરૂ ભગવંતશ્રી જંબુ વિજયજીના આશીર્વાદથી આપણી સભા દ્વારા ટુંક સમયમાં શરૂ થશે.

વિષેશ માહિતી સભર શ્રી શારદા પુજન વિધીની સુંદર બુક આપણી સભા દ્વારા પ્રકાશીત થઈ છે. અને ચાલુ સાલે લગભગ ૪૦૦ વેપારી ભાઇઓએ તેનો લાભ લીધો છે. કિંમત ફક્ત રૂા. ૧-૦૦ રાખેલ છે.

ચાલુ વર્ષમાં કુલ એક પેટ્રન થયા તથા નવ લાઈફ મેંબર થયા છે. તેઓને આવકારતા આનંદ અનુભવીએ છીએ.

આ સભાની પ્રગતીમાં સભાના કાર્યવાહકો તથા પ. પૂ. ગુરૂ ભગવંતો તથા વિદ્વાન લેખકોનો આ તકે આભાર માનીએ છીએ.

આ નુતન વર્ષ સભાના પ્રત્યેક પેટ્રન તથા લાઈફ મેંબરો ને સર્વ રીતે યશસ્વી, સુખદાયી નીવડે એવી પ્રાર્થના.

જૈનમ્ જયતી શાશનમ્

---

## શીલનું વ્યાપક સ્વરૂપ

સ્વામી વિવેકાનંદે કહ્યું, "અત્યાર સુધીમાં આના દસ ભાગ વાંચી ચૂકયો છું અને એમાંનું મોટાભાગનું યાદ રાખી ચૂકયો છું. તમારે આમાંથી કોઈ પણ વિષય પર પૂછવું હોય તો પૂછી શકો છો."

શિષ્યને ભારે આશ્ચર્ય થયું. સ્વામીજીની અનુમતિ લઇને આ દસ ભાગોમાંથી અત્યંત જટિલ અને કઠિન વિષય પર એણે પૂછ્યું. તમને સાંભળીને આશ્ચર્ય થશે કે સ્વામીજીએ શિષ્યના પ્રશ્નોના ઉત્તરમાં ગ્રંથકારનો આશય તો બતાવ્યો, પણ સાથોસાથ કેટલીક બાબતમાં તો તેઓ અક્ષરશઃ પુસ્તકની ભાષા જ બોલી ગયા.

સ્વામીજીની અસાધારણ બુદ્ધિ અને તીવ્ર સ્મરણશક્તિ જોઇને શિષ્યે આશ્ચર્યથી કહ્યું, "સાચે જ આ તો મનુષ્યની શક્તિ બહારની વાત છે."

સ્વામીજીએ જવાબ આપ્યો, "તુ ભૂલે છે. એક માત્ર બ્રહ્મચર્યનું યોગ્ય રીતે પાલન કરનાર થોડા જ સમયમાં બધી વિદ્યા પ્રાપ્ત કરી શકે છે. બ્રહ્મચર્યના બળથી તો વ્યક્તિ સ્મૃતિધર અને શ્રુતિધર બની શકે છે. બ્રહ્મચર્યની રક્ષાથી જ આવી માનવેતર શક્તિ પ્રાપ્ત થાય છે. આજે બ્રહ્મચર્ય રક્ષાના અભાવને કારણે જ આપણા દેશનું અધઃપતન થયું છે."

સાચે જ બ્રહ્મચર્યમાં અપૂર્વ શક્તિ છે. વિદ્યાર્થી હોય કે વૈજ્ઞાનિક, યુવક હોય કે યુવતી, યતિ હોય કે સતી, સાધુ હોય કે સદ્‌ગૃહસ્થ બધાને માટે શીલ પ્રત્યક્ષ કે પરોક્ષરૂપે લાભદાયક છે. આથી જ આચરણના અર્ઘ્યથી બ્રહ્મચર્ય અથવા તો શીલની પૂજા કરવી જોઇએ. **આચાર્યદેવ વિજયવલ્લભસૂરીજી મ.** ના વ્યાખ્યાન માળામાંથી સાભાર.

---



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir


# કલિકાલસર્વજ્ઞ શ્રી હેમચન્દ્રાચાર્ય

પં. શીલચંન્દ્રવિજયજી ગણિ

હેમચન્દ્રાચાર્ય એક મહાન ગુજરાતી. એક મહાન સાધુ, એક મહાન વિદ્વાન એક મહાન સંસ્કારપુરૂષ.

હેમચન્દ્રાચાર્ય: એક મહાન સર્જક: ગુજરાતી ભાષાના, ગુજરાતની સંસ્કારિતાના, ગુજરાતની અસ્મિતાના.

એક વીતરાગી નિઃસ્પૃહ શિરોમણી ફક્કડ સાધુ પણ એક આખીયે પ્રજાના સંસ્કારપિંડનું, નૈતિક અને સાહિત્યિક સરુચિતત્રનું ઘડતર કેવી રીતે કરી શકે છે. તેનો ગુજરાતને અને કદાચ



સમગ્ર ભારતવર્ષને લાગેવળગે છે. ત્યાં સુધી હેમચન્દ્રાચાર્ય સમો બીજો દાખલો મળવો દોહ્યલો છે આ અર્થમાં હેમચન્દ્રાચાર્ય વસ્તુતઃ યુગપુરૂષ બની રહ્યા હતા.

આધ્યાત્મિકતાનો સંબંધ વ્યક્તિ સાથે છે, તો નૈતિક મૂલ્યોનો અનુબંધ સમગ્ર સમાજ સાથે હોય છે. સમાજચેતનાના પ્રાણમાં નૈતિકતાનું તત્વ સિંચવું, અને યુગોના યુગો સુધી એ સમાજને ઉન્નત રાખી શકે તે રીતે સિંચવું, અને છતાં પોતાની વૈયક્તિક આધ્યાત્મ સાધનાના પવિત્ર ધ્યેયમાં મસ્ત–મગ્ન બન્યા રહેવું. આ કામ માત્ર યુગપુરૂષથીજ, દેશ અને કાળ ઉપર પોતાનું સંપૂર્ણ અને તે પણ પ્રેમભર્યું આધિપત્ય સ્થાપી શકનાર યુગપુરૂષથી જ બની શકે. હેમન્દ્રાચાર્યને આ સંદર્ભમાં મુલવીએ તોજ ગુજરાત પરના તેમના ઋણભારનો અંદાજ આવી શકે.

હેમચન્દ્રાચાર્ય ગુર્જરગિરાની આદ્ય ગંગોત્રી સમા મહાપુરૂષ હતા. આજે ગુજરાતમાં બોલાતી ગુજરાતી બોલીનો પહેલો પાયો એમણે નાખ્યો છે, એ હકીકત એક ઐતિહાસિક તથ્ય છે. હેમ-ચન્દ્રાચાર્ય પૂર્વેનું ગુજરાત એ ભાષાની તેમજ



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

સંસ્કારની દ્રષ્ટિએ દરિદ્ર અને વંઝોળ ગણાતું ગુર્જરરાષ્ટ્ર હતું. એની પાસે એનું પોતીકું કહી શકાય તેવું સાહિત્ય ન હતું કે ભાષાનું પોતપણું નહતું. બલ્કે આ બાબતે એ સંપૂર્ણતઃ પરોપજીવી રાષ્ટ્ર હતું. તો સંસ્કાર વારસાની દ્રષ્ટિએ ગુજરાતની પ્રજા પાસે એની પોતીકી અને જગતના ચોકમાં ઉન્નત મસ્તકે ઊભી રહી શકે તેવી કોઇ સભ્યતા કે અસ્મિતા પણ નહોતી. અણઘડ રત્નપાષાણ જેવી એની સ્થિતિ અને કક્ષા હતી. એ રાહ જોતી હતી કોઈક ઝવેરીનીઃ જે એને પારખે અને પાસા પાડે.

એને ઝવેરી મળ્યા હેમચન્દ્રાચાર્યના સ્વરૂપે. એમણે ગુજરાતને ગુજરાતની પ્રજાને, પ્રજાની સંસ્કાર સમૃદ્ધિને અને નૈતિકતાને ઘડી, પાસા પાડયા. એના ઝંખવાયેલા ઓજને પાણીને બહાર આણ્યું, એની ચમકને અનાવૃત કરી અને આખું જગત એની સામે નીરખ્યા જ કરે એવા અનુપમ સૌન્દર્યથી એને સંસ્કારી આપી.

એક બાજુ એમણે સાહિત્ય સર્જનનો જ્ઞાનયજ્ઞ આરંભ્યો. પાણિનિ અને પતંજલિ, ઇન્દ્ર અને શાકટાયન અને કાત્યાયન આ બધા વૈયાકરણોનો જાણે કે એ પૂર્ણાવતાર બન્યા અને એમણે સિદ્ધિહેમ શબ્દાનુશાસન આપ્યું. પાણિનીય વ્યાકરણનું કાવ્ય ભટ્ટીકવિએ આપેલું. અહીં હેમાચાર્યે જ એ કામ કરી લીધું, અને એક પંથે દો કાજ'ની જેમ દ્વયાશ્રય મહાકાવ્ય વાટે એમણે વ્યાકરણને અનુસરતું અને વળી સોલંકી–ચૌલુકય વંશના સમગ્ર ઇતિહાસને સુઘડ રીતે વણી લેતું મહાકાવ્ય આપ્યું. બીજે નામાલિંગાનુશાસન (શબ્દકોશ) માટે અમરસિંહના અમરકોષનો આશરો લેવાતો હતો, અહિં એ ન્યૂનતાની પૂર્તિ માટે એમણે અભિધાનચિંતામણિકોષ અને લિંગાનુશાસનની રચના કરી. એક ડગલું આગળ વધીને એમણે દેશીનામમાળા પણ રચી, જે આવનારા સૈકાઓની ગુજરાતી ભાષા માટે પાયાના પથ્થર સમી બની રહેવાની હતી. ભગવાન વ્યાસે મહાભારત અને પુરાણો આપ્યા હતા. અહીં હેમચન્દ્રાચાર્ય ત્રિષષ્ટિશલાકાપુરુષ ચરિત્ર મહાકાવ્ય આપ્યું. જે એક બાજુ પૌરાણિક સાહિત્યની ન્યુનતાની પૂર્તિરૂપ હતું. તો બીજી બાજુ કાલિદાસ, માઘ, ભારવિ અને શ્રીહર્ષના મહાકાવ્યોની પણ હરોળમાં ઊભુ રહી શકે તેના કાવ્ય સાહિત્યરૂપ પણ હતું. મમ્મટના કાવ્યપ્રકાશની સામે એમણે કાવ્યાનુશાસન આપ્યું અને છંદોનુશાસન પણ નિર્મ્યું. બૌદ્ધ આચાર્ય માતૃચેટના સ્તોત્રોની સ્પર્ધા કરે તેવું સ્તોત્ર સાહિત્ય સર્જ્યું. સિદ્ધિસેન દિવાકર અને હરિભદ્રસૂરિની યશોજ્જવલ તર્ક પરંપરામાં સ્થાન લઈ શકવા સક્ષમ એવું વાદાનુશાસન પણ તેમણે આપ્યું. અને છેલ્લે, યોગગ્રંથોના સમુદ્રનું મંથન કરીને મેળવેલા અમૃતકુંપા જેવું યોગશાસ્ત્ર આપીને ભગવાન પતંજલિની ખોટ પણ તેમણે પૂરી આપી. તેમણે શું નથી આપ્યું? ગુજરાતને, ગુજરાતના સાહિત્યને, ગુજરાતની અસ્મિતાને તેમણે ખોબલે ખોબલે આપ્યું છે. અક્ષય અને અમર. એમ જનશ્રુતિ છે કે એક લીંબુ હાથમાં લઇને ઊંચે ઊછાળવામાં આવે તે ઉછળે ને પાછું હાથમાં આવે એટલા સમયમાં હેમાચાર્ય છ નવા શ્લોકોની રચના કરી લેતા. સેંકડો લહિયાઓ હારબદ્ધ બેઠા હોય, અને લહિયાઓની જુદી જુદી શ્રેણિ જુદા જુદા વિષયના ગ્રંથો લખ્યે જતી હોય, ત્યારે હેમાચાર્ય ક્રમશઃ એક પછી એક શ્રેણિની સમીપે જાય, જે શ્રેણિ જે વિષયનો ગ્રંથ લખતી હોય તેને તે વિષયના શ્લોકો કે પાઠ બોલી સંભળાવે, તે લોકો તેટલું યાદ રાખીને લખતા થાય ત્યાં તો બીજી શ્રેણિ, ત્રીજી શ્રેણિ એમ દરેકની પાસે જઈ, તે તે વિષયનો પાઠ મનોમન નિર્માતો જાય તેમ બોલતા જાય અને પેલાઓ લખ્યે જ જાય. બધી શ્રેણિઓ પાસે ફરીને પાછી પહેલી શ્રેણિ જ પાસે જ પહોંચે ત્યારે તે લોકો માંડ પુરૂ લખી રહ્યા હોય, અને તે પુરૂ થયે તરત જ તે વિષયનું સંધાન આગળ લંબાવાય.

જ્ઞાનયજ્ઞ શું? તેનો આછો અંદાજ આપવા માટે આટલી હકીકત પર્યાપ્ત છે.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

તો બીજી તરફ, સિદ્ધરાજ જયસિંહ અને પરમાર્હત કુમારપાળ એમ બે બે સોલંકી અને વિક્રમી રાજાઓના શાસનકાળને આવરી લેતા વિશાળ સમયપટ ઉપર પોતાની જ્વલંત કારકિર્દી, પાથરનાર હેમચન્દ્રાચાર્યે, રાજા અને પ્રજાના સંસ્કાર વારસાને નિર્માણ કરવામાં ઘડવામાં, પુષ્ટ અને પલ્લવિત કરવામાં, ઓજસ્વી અને પ્રબળ બનાવવામાં ક્યાંય ક્યારેય પાછું વાળીને જોયું નથી.

પરહિત તે ધર્મ અને પરપીડન તે અધર્મ આ છે જીવનધર્મનો પાયો. હેમચન્દ્રાચાર્યે આ પાયો રાજા પ્રજાના હૈયામાં યોગ્ય રીતે નાખ્યો. જીવદયા પાળવી તે એમની ધર્મવ્યાખ્યાનું પહેલું ચરણ હતું વ્યસન મુક્તિએ એનું બીજું ચરણ હતું માસ-મદ્ય નિષેધ એ કેટલાક પરપીડન પ્રેમીઓને કે નૈતિક મૂલ્યોની મહત્તા ન સમજનારાને )વિવલાવેડા જેવો કે સાંપ્રદાયિકતાના આગ્રહ જેવો તે વખતે પણ જણાતો હતો, આજે પણ જણાય છે. આજના આ ગુજરાતના શાસક કક્ષાના અમુક લોકો તો ઊઘાડે છોગે બોલતા થયા છે કે માંસાહાર મત્સ્યાહાર નિષેધ એ તો મધ્યયુગના વહેમ અને અંધશ્રદ્ધા છે. હવેના વિજ્ઞાનયુગમાં એવા વહેમો ન ચાલી શકે.

પણ ગુજરાતની પ્રજાના લોહીમાં અહિંસા, જીવદયા, વ્યસનમુક્તિ સ્વસ્થ જીવન, માનવતા, પરગજુ મનોવૃત્તિ, પાપાચારથી ભય, ધર્મસહિષ્ણુતા વગેરે ઉમદા અને સ્પૃહણીય તત્વોનો જો પ્રવેશ અને ચિરનિવાસ થઈ શક્યો હોય તો તે હેમચન્દ્રાચાર્યનો જ પ્રભાવ અને પુરૂષાર્થ છે. એમાં લેશ પણ શંકાને સ્થાન નથી.

ગઇ કાલ સુધી ગુજરાતની પ્રજાએ આ સંસ્કાર સમૃદ્ધિને જાળવી રાખી હતી. અહીં એક બાજુ ગામે ગામે પાંજરાપોળો હતી જીવાતખાના હતા તો બીજી બાજુ કોમી એખલાસ પણ મોમાં આંગળા નખાવે તેવો અનુપમ હતો દારૂ-મદિરા તરફ ભારોભાર ધૃણા હતી. તો મહાજનો અને મોટેરા સામે છાકટા ફરવામાં પણ નાનપ અનુભવાતી હતી. એકાદ મૂંગા મરતાં જીવને બચાવવા માટે પ્રાણાર્પણની તત્પરતા હતી. તો સમયનો સાદ પડયે દેશ રાજ્યના ને પ્રજાના રક્ષણ માટે મરી ફીટવાની જિગર પણ જોવા મળતી. આ બધીયે પરિસ્થિતિનું મૂળ શોધવું હોય તો તે માટે આપણે ૯૦૦ વર્ષ ઓળંગવા પડે. ત્યારે આપણને દેખાય એક તેજ છલકતો સંસાર નીતરતો પ્રેમના જાદુથી પારકાંને પણ પોતીકા બનાવતો વીતરાગી યુગપુરૂષઃ ઘડીકમાં કવિપંડિતોનાં માન મુકાવતો હોય, ઘડીકમાં પ્રજાને ધર્મસહિષ્ણુતાના પાઠ પઢાવતો હોય, ક્યારેક "સંસ્કારિકતાની ગંગાના વહેણમાં રુકાવટ કરવાના" કે કચરો નાખવાના પ્રયત્નોને પ્રેમથી અટકાવતો હોય તો ક્યારેક આત્મસાધનાની અનોખી અમીરીમાં ન્હાતો હોય. એ યુગપુરુષ હેમચન્દ્રાચાર્યે આપેલો અદ્‌ભુત સંસ્કાર વારસો હજી ગઇકાલ સુધી આ ગુજરાતને, અને નરવાઈ સમર્પતો જળહળી રહ્યો હતો. એ વારસો આજે જે ઝડપથી લુપ્ત થઈ રહ્યો છે તે ચિંતા પ્રેરે તેવું છે આજે ૯૦૦ વર્ષ પછી, માટે જ એ યુગપુરુષને અને એણે આપેલા વારસાને ફરી ફરીને યાદ કરવાની, તાજો કરાવવાની અને વાગોળવાની જરૂર ઉભી થઇ છે અને એમને યાદ કરવાનું સબળ નિમિત્ત પણ એમની નવસોમી જન્મજયંતિના રૂપે-હાથવગું આવી લાગ્યું છે.

આજથી બરાબર નવસો વર્ષ પૂર્વે, વિ. સં. ૧૧૪૫ના કાર્તક શુદિ પૂનમે આ યુગપુરુષનો જન્મ ધંધુક (ધંધુકા)ના એક મોઢ જ્ઞાતીય જૈન પરિવારમાં થયો પિતાનું નામ ચાચિગ, માતાનું નામ પાહિણી. પાહિણીમાતાને સ્વપ્નું લાધ્યું: એમાં એણે આંબો જોયો-રોપેલો. પણ પોતે એ આંબાને ત્યાંથી ઉખેડીને અન્યત્ર રોપ્યો. અને પછી એ ખૂબ ખૂબ ફળ્યો.

આ સ્વપ્નનું મનગમતુ ફળ તે હેમચન્દ્રાચાર્ય,



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ચાંગદેવ તરીકે તેઓ પાહિણીની કૂખે જન્મ્યા અને તેમની પાંચ વરસની ઉંમરે જ, ગુરૂવંદને મા સાથે ગયેલા ત્યારે ખાલી પડેલા ગુરૂના આસન ઉપર તેઓ ચડી બેઠા. તે જોઇને વિહ્‌ળ બનેલી માતાને ગુરૂ દેવચન્દ્રસૂરિએ પેલું સ્વપ્નું યાદ દેવરાવ્યું. અને આ બાળક પોતાને સોંપી દેવાની માંગણી મૂકી માએ સ્વપ્નાનો અર્થ યાદ કર્યો. આંબો ઉગ્યો ભલે મારે આંગણે. પણ તને મારા હાથે હું જ બીજે રોપીશ તો જ તે ફળશે, અન્યથા નહિ. તેણે સ્વયંભૂ નિર્ણય લીધો, અને પોતાના લાડકવાયાને ગુરૂચરણે સમર્પી દીધો. હેમચન્દ્રાચાર્ય જરૂર મહાન, પણ એમને મહાન બનાવવા કાજે પોતાના હૈયાના ટુકડા સમો દીકરો અને તે પરની મમતાનો ત્યાગ કરનારી માતા તો તેથીય મહાન, એમાં સંદેહ કેમ થાય ?

બાલ ચાંગાને ગુરૂએ કર્ણાવતી આજનું અમદાવાદમાં વસતા શ્રાવક ઉદયન મહેતાને સોંપ્યો. તેણે તેનું સંસ્કાર વાવેતર કર્યું. નવ વર્ષે, સવંત ૧૧૫૪માં ગુરૂએ તેને સ્તંભતીર્થ ખંભાતમાં દીક્ષા આપી, તેનું ઘડતર આદર્યું. ચાંગદેવમાંથી મુનિ સોમચન્દ્ર બનેલા એ પુણ્યાત્માએ જ્ઞાન અને ચારિત્રની એવી પ્રગાઢ અને અપ્રતિમ સાધના કરી કે તેથી રીઝેલા ગુરૂએ ફક્ત એકવીસ વર્ષની વયે, સવંત ૧૧૬૬ના અક્ષયતૃતીયાના પુણ્યદિને તેમને આચાર્યપદે સ્થાપ્યા અને હેમચન્દ્રાચાર્ય નામ આપ્યું.

આ પછીનો લગભગ ચોસઠ વર્ષનો સુદીર્ઘ સમયગાળો તે તેમની યુગપુરુષ તરીકેની જ્વલંત દીપ્તિમંત કારકિર્દીનો ગાળો રહ્યો. આ ગાળામાં તેમણે સારસ્વતમંત્ર સાધ્યો. લાખો શ્લોકોનું સાહિત્ય રચ્યું. રામચંદ્ર અને ગુણચંદ્ર જેવા પ્રકાંડ પંડિત શિષ્યો મેળવ્યા અને કેળવ્યા, બે બે રાજાઓને બોધ આપીને રાજા પ્રજાની પ્રીતિ પ્રાપ્ત કરી, અવસરે રાજાનો રોષ વહોરીને પણ માનવતાના ધર્મના પ્રેર્યા કુમારપાળને ઉગાર્યો, ગુજરાતને સાહિત્યિક અને સાંસ્કૃતિક વારસો આપ્યો. ધાર્મિક સહિષ્ણુતા અને ઉદારતાના ઉચ્ચ આદર્શોનું આ પ્રજાને ગળથૂથીમાં વાવેતર કર્યું. અને આવા તો અસંખ્ય ધ્યેયો સિદ્ધ કર્યા.

અને આવી લોકોત્તર કહી શકાય તેવી જાજરમાન કારકિર્દીના છેડે વિ.સં. ૧૨૨૯ માં તેમણે ઇચ્છામૃત્યુ સમા સમાધિમય મૃત્યુ દ્વારા દેહનો ત્યાગ કર્યો.

આ સંસ્કારપુરુષ, પ્રજ્ઞાપુરુષ અને યુગપુરુષના આદર્શો અને સંસ્કારોને તેમની નવમી જન્મ શતાબ્દીના આ પાવન અવસરે યાદ કરીએ, અને આપણા હાથે નષ્ટ થઇ રહેલા તેમના અહિંસાના અને ધર્મસહિષ્ણુતાના વારસાને પુનઃ જીવિત કરવા પ્રયત્ન કરીએ.

卐



## દુશ્મનાવટની વૃત્તિ

સામી વ્યક્તિમાં સદ્‌ગુણો હોવા છતાં આપણા મનમાં એના પ્રત્યે ધિક્કાર ભાવ પેદા કરે છે અને પેદા થતો ધિક્કાર ભાવ આપણને સદ્‌ગુણોથી દુરને દુર ધકેલી દે છે



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# અંધકારથી પ્રકાશ તરફ પ્રયાણનું પર્વ

આચાર્યશ્રી વિજય ઈન્દ્રદિન્નસૂરીશ્વરજી મ.

જૈન ધર્મ, દર્શન અને સંસ્કૃતિનું મુખ્ય લક્ષ્ય છે માનવને પૂર્ણતા પ્રદાન કરવો. જ્યાં સુધી મનુષ્ય કર્માધીન થઈને સંસારમાં પરિભ્રમણ કરે છે ત્યાં સુધી તે અપૂર્ણ છે. મનુષ્ય જ્યારે પોતાની આત્માને સર્વ કર્મોથી મુક્ત કરે છે ત્યારે તે પરિપૂર્ણ બની જાય છે.

સંસારનો પ્રત્યેક પ્રાણી અનંત જ્ઞાન, દર્શન અને ચારિત્રથી યુક્ત છે. તેના આત્માની અંદર અનંત શક્તિઓ સમાયેલી છે પરંતૂ અધિક્તર વ્યક્તિ પોતાના આત્માના એવા પ્રકારના સ્વામિત્વથી અજ્ઞાત અને અપરિમિત હોય છે. તેથી તેઓ દુઃખી થાય છે. મનુષ્ય નું દુઃખી થવાનું કારણ તેનું પોતાનું અજ્ઞાન છે.

ધર્મ અને દર્શનની સમસ્ત પ્રક્રિયાઓ મનુષ્યના આત્માની ઉત્ક્રાન્તિ અને પોતાના અજ્ઞાનને દૂર કરવાની છે. ધાર્મિક ક્રિયાઓ પ્રતિક્રમણ, સામાયિક, પૌષધ, તપશ્ચર્યા, સાધના, તીર્થયાત્રા અને પર્વ આરાધના આદિનું લક્ષ્ય મનુષ્યને પોતાના પોતાથી સ્વયંના આત્માના અનંત પ્રકાશથી પોતાના આત્માની અનંત શક્તિયોથી જ્ઞાતવ્ય કરાવવા માટે જ છે.

ધર્મ આરાધનાના જેટલા પણ પ્રસંગ ઉપસ્થિત થાય છે તે મનુષ્યની પૂર્ણતા અને અનંતનું નિમિત્ત બને છે. પૂર્ણતાતો સ્વયં મનુષ્યના આત્મિક પુરુષાર્થ ઉપર આધારિત છે. સાધન દ્વારા મનુષ્ય સાધ્યને પ્રાપ્ત કરી શકે છે પરંતૂ એ સાધનને તે કેટલી ઉંડાઈથી ગ્રહણ કરે છે. તેના સાધ્યની પ્રાપ્તિ તેના પર જ નિર્ભર છે. ધાર્મિક સાધના સાધન છે અને મુક્તિ અથવા મોક્ષ યે સાધનનું સાધ્ય છે.

જૈન ધર્મની અનેક ક્રિયાઓ, પર્વ અને તીર્થ એજ સાધ્ય માટે છે. ધાર્મિક પ્રસંગ અને નિમિત્ત મનુષ્ય જીવનમાં આવતા રહે છે. દીપાવલી પર્વ પણ એવું જ એક ઉત્તમ અને શ્રેષ્ઠ પર્વ છે જે મનુષ્યની આત્મ સાધના અને આત્મા પ્રેરણાનું શ્રેષ્ઠ નિમિત્તપ્રદાન કરે છે.

દિપાવલી એ અંધકારથી પ્રકાશ તરફ જવાનું પર્વ છે. મિથ્યાત્વ રુપી અંધકારથી સમ્યક્ત્વરુપી પ્રકાશ તરફ પ્રયાણ કરવાનું આ અવસર છે. દીપાવલીના પ્રસંગે દીપ પ્રજ્વલિત કરવાનું મહત્વ છે. દીપાવલીનું અર્થ જ 'દિપકો'ની આવલિ (શ્રેણિ) થાય છે. પરંતૂ આ ઘી અને તેલથી દિપક પ્રગટાવવાની ક્રિયા તો એક દ્રવ્ય અને સ્થૂલ ક્રિયા છે એ દીપકોથી તો ફક્ત અમાના બાહ્ય ચક્ષુઓનું અંધકાર જ દૂર થઈ શકે છે. એ બાહ્ય અંધકાર થી પણ ભયંકર અને ગાઢ અંધકાર અમારા અંતરમનમાં છે જેને અમારી આંખો જોઈ નથી શકતી, આ દીપાવલી ઉપર અમારે અમારા અંદરના અંધકારને દૂર કરવું છે. બહાર અમે કેટલાયે દિપક પ્રગટાવીએ, આપણા ઘરને ઘરના રુમો ને દ્રવ્ય દિવડાઓથી કેટલુયે ઝગમગાવી દઈએ,



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

આપણી દૂકાન અને શેરી-નાકાઓમાં કેટલુયે પ્રકાશ ફેલાવીએ જ્યાં સુધી આપણા અંદર અંધકાર વિદ્યમાન રહેશે ત્યાં સુધી એ બાહ્ય પ્રકાશનું કાંઈ મહત્વ નથી. હજારો દીપક પણ અમારા અન્તરના ગાઢ અંધકારને દૂર નથી કરી શક્તા.

બધાયથી વધુ તેજસ્વી પ્રકાશ સમ્યક્ત્વનું છે અને બધાયથી વધુ અંધકાર મિથ્યાત્વનું છે ! અમારે અમારા જીવનમાં ધર્મ સાધના અને ધર્મ પુરુષાર્થનો તેલ નાંખીને સમ્યક્ત્વનો દીપ પ્રગટાવવાનો છે. દીપાવલી પર્વથી અમારે એ જ પ્રેરણા લેવી છે.

આ સંસારમાં અમારો આ આત્મા અનંતકાળથી ભટકી રહ્યો છે. મિથ્યાત્વ, ક્રોધ, માન, માયા, લોભ, રાગ, દ્વેષ, અજ્ઞાન આ સર્વેના ગાઢ અંધકારમાં તેને કાંઈજ દેખાતુ નથી. આત્મામાં જે અનંત પ્રકાશ છે તે મિથ્યાત્વ, અવિરતિ અને કષાયના અંધકારથી ઢંકાઈ ગયુ છે તેથી આત્માનું વાસ્તવિક સ્વરૂપ અપ્રગટ છે. આત્માનું વાસ્તવિક સ્વરુપને પ્રગટ કરવાનો સંદેશ દીપાવલી પર્વ આપે છે.

સકલ વિશ્વમાં ચારે બાજુ અજ્ઞાન, અવિવેક, સ્વાર્થ, મોહ, કલહ, અને કષાયનું અંધકાર છવાયું છે. જ્યાં જુઓ ત્યાં અશાંતિ, અન્યાય, હિંસાનું અંધકાર દૃષ્ટિગોચર થાય છે. એવા સમયે વિશ્વમાં જ્ઞાન, વિવેક અને અહિંસાના દીપ પ્રગટાવવાની આવશ્યક્તા છે.

એ દીપાવલીના દિવસે છેલ્લા તીર્થંકર શ્રમણ ભગવાન મહાવીરસ્વામીનું નિર્વાણ થયું, તેઓ પોતાના જ્ઞાન દ્વારા સંસારના અંધકારને દૂર કરતા હતા. જ્યાં સુધી તેઓ આ પૃથ્વી ઉપર રહ્યા ત્યાં સુધી જ્ઞાનનું પ્રકાશ આપતા રહ્યા. તેમના નિર્વાણ બાદ જ્ઞાનનો દીપ બુઝાઈ ગયો. સંસારમાં ચાર બાજુ અંધકાર વ્યાપી ગયુ. ત્યારે સંસારે દ્રવ્ય દીપ પ્રગટાવ્યું, તે જ સમયથી દીપાવલીની પરંપરા પ્રારંભ થઈ.

ભગવાન મહાવીરસ્વામીએ પોતાના નિર્વાણથી પહેલા સંસારને જે પ્રકાશ પ્રકાશ આપ્યુ હતુ તે જ્ઞાનનો પ્રકાશ અમારા જિનઆગમોમાં સુરક્ષિત છે. એ જ્ઞાન-પ્રકાશના આલંબનથી અમે અમારો માર્ગ શોધી શકીએ છીએ. અંધકાર ભલે કેટલુ યે ભયંકર કેમ ન હોય, અન્તે તો તેને પ્રકાશની આગળ ઝુકવું જ પડે. એ દીપાવલીના પ્રસંગે જો આપણે આપણા અંતરમાં જ્ઞાન-દીપ પ્રગટાવવાનું સંકલ્પ અને પુરુષાર્થ કરશુ તો અમારુ દીપાવલી પર્વ ઉજવવું સાર્થક થશે.

## અડસઠ અક્ષર એના જાણો



અક્ષરજ્ઞાનને આત્મસિદ્ધિના ઉપાય તરીકે સ્વીકારવામાં આવેલ છે. આ અક્ષર સંયોજનથી ભારે કર્મી આત્મા હળુ કર્મી થઈ શકે છે. અજ્ઞાની આત્માજ્ઞાની, ગીતાર્થ થઈ કલ્યાણ કરી શકે છે. પાંચ જ્ઞાનમાં શ્રુતજ્ઞાનને સ્વ-પર ઉપકારક કહ્યુ છે (દા. ત. ચાર મુંગા એક બોલતું).

આ શાશ્વતો મંત્ર ૬૧ લઘુ + ૭ ગુરૂ એમ સંપૂર્ણ ૬૮ અક્ષરનો છે. તેનું શુદ્ધતા પૂર્વક પૂર્ણ સમજણ સાથે એના ગહન અર્થો અને અર્થ રહસ્યોના મનન ચિંતન સહિત જો એકચિત્તે સ્મરણ કરવામાં આવે તો ૫૦૦ સાગરોપમના પાપકર્મોનો ક્ષય થાય છે.

તાત્પર્ય એ કે એનો એક એક અક્ષર 'તીર્થસ્વરૂપ' છે.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# ચિંતા

જે વ્યક્તિ "ચિતા" (મૃત્યુ)થી ડરતો નથી, તેણે "ચિંતા' સ્પર્શી પણ શકતી નથી.

પરંતુ હકિકતમાં આજે આખા "વિશ્વ'નું બીજું નામ "ચિંતા" આપી શકાય, તેટલા પ્રમાણમાં "ચિંતા"નો ભરડો વિશ્વને વળગી ગયો છે.

ચિંતા માટે ઘણી બધી કહેવતો છે, જેમ કે, ચિંતાથી ચતુરાઈ ઘટે "ચિંતા ચિતા સમાન છે, "ચિંતા માનવીને ખાઈ જતી ઉધઈ છે 'આદિ.

પરંતુ આ "ચિંતા" ના વિષય પર થોડુંક ચિંતન કરશું, તો લાગશે કે ઘણી બધી બબતોમાં તેમજ ઘણાં બધા પ્રસંગોએ માનવી 'દરકાર'ને "ચિંતા" માની લે છે. અને "ચિંતા"ના કારણે "બ્લેટોરાહ" પકડી બેસે છે.

જેમ કે રસ્તો ઓળંગવા બે બાજુ ચોકસાઈથી નજર રાખવાની 'દરકાર' જરૂરી છે. પણ કેટલાક આને "ચિંતા" માની લે છે. એટલે ગુંચવાઈ જાય છે, અને ભટકાઈ પડે છે.

દરેક વ્યક્તિનું પોત–પોતાનું કાર્યક્ષેત્ર હોય છે. જેમાં તેને વિવિધ કાર્યો કરી ફરજો અદા કરવાની હોય છે. જેમ કે 'મા'ને નાનાં બાળકને દૂધ પાવાથી માંડી ને તેની કાળજી લેવાની ફરજો બજાવવાની હોય છે. આને તે સહજ ભાવે 'દરકાર' રાખી જાળવીને બજાવે તો ધ્યાનપૂર્વક બજાવી શકે અને "ચિંતા" રાખી બજાવે તો તેણીને માથે ભાર લાગ્યા કરે.

આવી જ રીતે જુદા–જુદા ક્ષેત્રોમાં વિવિધ ફરજો બજાવતા કર્મચારીઓ પોતાનું કાર્ય હળવું મન રાખી જરૂરી 'દરકાર' રાખી સમયસર કરે, તો તેને કોઈ ભાર નહિં લાગે, પણ આની "ચિંતા" રાખશે, તો ભૂલો પણ કરશે અને કંટાળી પણ જશે.

ધંધાનાં ક્ષેત્રે પણ સાહસી લોકો બહુ ઓછી "ચિંતા" રાખે છે. તેઓ ખેલો કરે છે. સફળતા નિષ્ફળતાની ચિંતા નથી કરતા, પણ 'સફળતા' મળે તેની કાળજી રાખે છે. પણ જો આ જ કાર્ય "ચિંતા" બની જાય તો, પણ હોસ્પીટલમાં જવાનો સમય આવે.

ગૃહિણીઓ પણ ઘરનાં કાર્યો સહજ ભાવે પોતાની બજાવવાની ફરજ સમજી કરે, અને માથે "ચિંતા"નો ભાર ના રાખે તો રસોઈ આદિ કાર્યો સારા થાય, થાક ઓછો લાગે, મન હળવું રહે, અને ઉમંગસ્થિર રહે ઉલ્ટી રીતે વર્તવાનું પરિણામ આવે બ્લડપ્રેશર તણાવ, માંદગી, આદિ.

આ જ પ્રમાણે સામાજીક, ધાર્મિક, રાજકિય બધા ક્ષેત્રોમાં દરેક પોતેજ ફરજ નિયમસર, સમયસર, દરકાર પૂર્વક, બજાવે તો "ચિંતા"નો વિષય ઉપસ્થિત થતો જ નથી. પછી 'ગરબડ–સરબડ'માં પડયું હોય, તો તેનાં પરિણામે "ચિંતા" અને તેનાથી ઉત્પન્ન થતા દુઃખદાયક પરિણામો આવવાના જ.

માંદગી, લગ્ન પ્રસંગે, શોકદાયક પ્રસંગ, સામાજીક, પ્રસંગ, ધાર્મિક પ્રસંગ, આ બધામાં "ચિંતા" કરવાથી પ્રસંગ ગુચવાશે, 'દરકાર' રાખવાથી પ્રસંગ સફળ થશે.

આપણને બાળપણથી એક વાત ઠસાવી–ઠસાવીને કુટુંબે, સમાજે, ધર્મે કરી છે કે, 'જે બનવાનું છે તે બનીને જ રહેશે', તો પણ "ચિંતા" શું કરવા કરવી? સ્વભાવ લાગણીશીલ હોય તેને વધુ "ચિંતા" થાય પણ આ જ લાગણીશીલતા "ચિંતા"ને 'દરકાર'માં ફેરવી શકે છે.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

સંસાર છોડી જનારા 'સાધુ–સાધ્વી' વર્ગ પણ કેમ "ચિંતા" કરે છે? શાના માટે? આનો અર્થ એ થયો કે હકિકતમાં તેમને પણ કોંક સ્થળે મોહ, સ્વાર્થ, માન–અપમાનનો અહંકાર છે. એટલે "ચિંતા" થાય છે.

જે સાધુ નીચેના શબ્દો સમજે અને અમલ કરે. તે જ સાચો સાધુ, આપણે પણ આનો અમલ કરીએ તો આપણે પણ સાધુ.

"ફિક્ર સબકો ખા ગઈ, ફિકર આરપાર,
ફિક્ર કા ફાકા કરે તો હિ સચ્ચા ફકિર.
એનું નામ ફકિર, જેની મેરૂ સરખી ધીર."

માનવીને અનેકવાર વિકટ પરીસ્થિતિઓમાંથી પસાર થવાનું આવે છે. પણ જો તે મનસ્થિર રાખે, ઉત્સાહ જાળવી રાખે, મંઝીલ નક્કી કરી રાખે, અને જો તે પરિસ્થિતિનો પોતાની શક્તિને સંપૂર્ણ કામે લગાડી સામનો કરે તો ૧૦૦ માંથી ૯૯ વખત તે સફળ થશે.

મહાન તત્ત્વચિંતક "શ્રી. જે. કૃષ્ણમૂર્તિ" બાળક હતા ત્યારે અનાથ હતા. "લેડીએની બીસેન્ટ"ના સહારે આ ફુલ ખીલ્યું, અને પોતાનાં આત્મબળે મહાન તત્ત્વચિંતક બન્યો.

"સંત–કબીર" પણ ગરિબાઈની "ચિંતા"ને પ્રભુ-ભક્તિમાં ફેરવી મહાન સંત બની શક્યા.

"મેડમ કયૂરી" કે જેમણે કેન્સરનાં કિરણોની, પોતાની જાત પર પ્રયોગ કરી શોધ કરી. તેનું આખું જીવન છેલ્લી કક્ષાની ગરિબાઈમાં વિત્યું હતું. પણ તેને તે સહજ ગણતા અને પોતાની ફરજ બજાવીને દુનિયાનાં લાખો માનવીઓનાં તેઓ તારણહાર બની શક્યાં.

"ચિંતા"થી મુક્ત થવાના ઘણાં ઉપાયો છે. તેમાંનાં થોડાક વર્ણવીશ.

૧. વર્તમાનમાં જીવો–ભૂતકાળ ભૂલી જાવ–ભવિષ્ય પ્રભુને સોંપો.

૨. હંમેશાં હસતા મુખે પડકારોનો સામનો કરો.

૩. જીવનના અઘરા પ્રશ્નો પહેલાં ઉકેલી નાંખો. મોટા ભાગની "ચિંતા" આપોઆપ હવાઈ જશે.

૪. 'હાસ્ય' 'સ્મિત' એ "ચિંતા"નું મારણ છે. હાસ્ય એ આપણી સંપૂર્ણતાનો ભાગ છે. અને એ પવિત્ર ચીજ છે.

ઓલ્ડ ટેસ્ટામેન્ટમાં એક વાત આવે છે. જ્યારે અબ્રાહમ ૯૯ વર્ષનાં હતાં ત્યારે પ્રભુએ તેને સંકેત આપ્યો કે તેની પત્ની સહારાથી તેઓને ઈસાક નામનો પૂત્ર જન્મશે. પત્નીની ઉંમર પણ ૯૦ વર્ષની હતી. અબ્રાહમને આ માનવું એટલું મુશ્કેલ લાગ્યું, કે હસતા હસતા તે પડી ગયો. જ્યારે સહારાએ પૂત્રને જન્મ આપ્યો ત્યારે તે વટ મારવા લાગી, "ભગવાને મારા માટે હાસ્ય બનાવ્યુ છે."

૫ યાદ રાખો કે કાયમ દુઃખ પણ નથી હોતું કાયમ સુખ પણ નથી હોતું એ એક બીજાનાં પૂરક છે. એટલે 'સુખ'માં છકીના જાવ,ને દુઃખમાં ભાંગીના પડો તો ચિંતા ગઈ.

૬. પ્રભુ દરેકને ભૂખ્યા જગાડે છે. ભૂખ્યા સુવાડતો નથી. આ રામબાણ વાક્યને હૃદયમાં જડી રાખો.

૭. "વો દિન ભી ચલા જાયેગા" આ વાક્યનું બોર્ડ બનાવી ઘરમાં ટીંગાડો–લટકાવો.

૮. ઓધવજી રામ રાખે તેમ રહીએ,
એક દિન ભોજનમાં શીરોને પૂરી,
તો બીજે દિન ભૂખ્યા સૂઈએ."

આ સ્થિતિ હસતા મુખે અમલમાં મૂકો.–ચિંતા ગઈ.

૯. કાર્ય સાથે જરૂરી આનંદ આરામ મેળવવાની ટેવ પાડો, તમને બાળકો સાથે ગમતું હોય તો તેમની સાથે, પુસ્તકો સાથે ગમતું હોય તો તેની સાથે, બાગ-બગીચા, નદી–નાળાં એમાંથી જે ગમતું હોય તેની સાથે 'રમત' રમવાની ટેવ પાડો તો–ચિંતા ગઈ.

૧૦. દરેક કાર્યનું જોખમ 'પોતાની' મર્યાદામાં રહીને કરો.

૧૧. 'અપમાન' થાય ત્યારે પણ તે કરનાર 'મૂર્ખ' છે



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

એવું માનીને જવાદો તો–ચિંતા ગઈ.

૧૨. એમ કહેવાય છે કે વાંદરાઓને બીજા વાંદરાઓ સાથે ખેલ–કૂદ ના કરવા દો તો તે ગંભીર માંદગીમાં પટકાઈ જાય છે.

૧૩ દિલને 'ખેલદીલ', 'દિલાવર', 'માયાળુ' 'દયાળુ', સહનશીલ અને સહકારની ભાવનાઓથી ભરી દો તો–ચિંતા ગઇ.

૧૪. તમારી પર આવેલી વિકટ પરિસ્થિતિ કે જેથી ચિંતા થતી હોય. તો તે સમયે તેનાથી વધારે વિકટ સ્થિતિવાળાને શોધો તો તમારી ચિંતા ચાલી જશે.

૧૫. તમે જે કાર્ય કરો તેમાંથી સંતોષ મેળવવાનું શિખો–ચિંતા ગઈ.

૧૬. જે કાર્ય કરો તેમાં ઓતપ્રોત થઈ જાવ–ચિંતા ગઈ.

૧૭. 'અપેક્ષા'ઓને મર્યાદિત રાખો–ચિંતા ગઇ.

૧૮. 'લોભ'નો ત્યાગ કરો–ચિંતા ગઈ

૧૯. 'જેવી કરણી તેવી ભરણી'ને સમજી જીવનમાં ઉતારવાનો પ્રયન્ત કરો–ચિંતા ગઈ.

૨૦. 'નિષ્ફળતા'ને સફળતાનું પગથીયું બનાવો–ચિંતા ગઇ.

૨૧. ઘણીવાર નિષ્ફળતા પણ તમને 'અપવાદી' બનાવી દે છે. અને તે 'અપવાદી' બનવામાં આનંદ આવે છે. જેમ કે ગણિતમાં જેમ ૧૦૦ ટકા માકર્સ સહેલાઇથી મળતા નથી તેમ શૂન્ય માકર્સ પણ મેળવવા કઠિન છે.

૨૨. "જીસકા કોઈ નહીં હોતા, ઉસકા ખુદા હોતા હૈ." આ સત્યમાં શ્રદ્ધા રાખો–ચિંતા ગઈ.

૨૩. કોઈપણ ચીજની 'દવા' કરવી પડે નહીં, તેવી 'દરકાર' રાખતા થાવ–ચિંતા ગઇ.

૨૪. તમે જેને 'ચિંતા' માનો છે'. તે 'દરકાર'નો અભાવ છે, સમજનો અભાવ છે., ઉત્સાહનો અભાવ છે, વધુ પડતી લાગણીશીલતાનો પડછાયો છે. આ બધા 'અભાવ'ની જગ્યાએ જે તે 'ભાવ' લાવી દો વધુ પડતા 'ભાવો' પર સંયમ પ્રાપ્ત કરો ચિંતા ગઇ.

૨૫. અને છેલ્લું શરણ પ્રભુનું જે પ્રભુમાં શ્રદ્ધા સંપૂર્ણ રીતે રાખે છે તેને કોઈ 'ચિંતા'નો સવાલ જ નથી.

"પ્રભુ સૌનું કલ્યાણ કરો."

("માનવી")

## એના મહિમાનો નહીં પાર



શ્રીમતી એ પોતનપુરના સુવ્રત શ્રેષ્ઠીની પુત્રી હતી. તેનું જીવન ધર્મમય ને નવકાર મંત્રથી ઓતપ્રોત થયું હતું.

એક દિવસ ધર્મરંગથી રંગાયેલ 'શ્રીમતી' ઉપર ધર્મસંકટ આવ્યુ ધર્મકરણી ન છોડવાને કારણે અજ્ઞાની સાસુ–સસરાએ ઘરની અંધારી કોટડીના ખૂણે એક મટકામાં ઝેરી સાપને છૂપાવી રાખ્યો.

સવારે શ્રીમતીને તેના પતિએ એ મટકામાંથી ફૂલની માળા લાવવ આજ્ઞા કરી. તંબુરાના તારની જેમ જેના શ્વાસે શ્વાસે નવકાર મંત્રનો રણકાર છે, એવી શ્રીમતી આજ્ઞા અનુસાર મટકા પાસે ગઇ, અને હારનેજ લઇ આવી.

શ્રીમતીનાં હાથમાં હારને જોઇ સાસુ–સસરા–પતિ આશ્ચર્ય પામ્યા !

હવે તેઓના અંતરમાં પણ ધર્મ વસી ગયો. કારણ 'નવકારમંત્ર'ના મહિમાનો કોઈ પાર નથી. અન્યથા સર્પની માળા કેમ થાત ?



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# ક્રાંતદૃષ્ટા આચાર્ય

: લેખક :

ડૉ. કુમારપાળ દેસાઈ

જગતની વ્યક્તિઓ બહુધા સ્વ-કેન્દ્રી હોય છે અને તે માત્ર પોતાની જાતને અને જીવનને જ જોતી હોય છે. બાકીની થોડીક વ્યક્તિઓ પોતાની આસપાસના સમાજને જોઈ શકતી હોય છે. એથીય વિરલ વ્યક્તિઓ સમાજથી ઉંચે રાષ્ટ્ર કે વિશ્વને જોતી હોય છે. કેટલાંક માત્ર વાદળાં જ જુએ છે. આખુંય આકાશ આંખમાં ભરીને આવતી કાલને જોનારા ક્રાંતદષ્ટા તો સમગ્ર યુગમાં એકાદ-બે જ હોય છે આચાર્યશ્રી વિજયવલ્લભસૂરીશ્વરજી મ. સા વર્તમાનની પેલે પાર ભવિષ્યનું જોનારા અને વિચારનારા વિરલ યુગદૃષ્ટા વિભૂતિ હતા

એક બાજુ સાંપ્રદાયિકતાની દિવાલો વધુ ને વધુ સાંકડી કરવામાં આવતી હોય, ક્યાંક ધર્મને નામે રુઢિચુસ્તતા પોષાતી હોય અને ક્યાંક ધર્મના ઓઠા હેઠળ અનેક વિઘાતક પ્રવૃત્તિઓ ચાલતી હોય ત્યારે યુગ પારની શ્રુતિ ઝીલનારને અનેક યાતના, વિટંબણા અને અવરોધ વેઠવા પડે છે. ખાબોચિયામાં પોતાની જાતને બાંધીને સ્થિતિ કે પરિસ્થિતિ સામે આંખમીંચામણા કરી એક તસુ પણ આઘાપાછા નહીં થવા માગનાર સમાજ જ્યારે સાગરની વિશાળતા જુએ ત્યારે શું થાય? બંધિયાર કૂવાની કૂપમંડુકતામાં જીવનારને પર્વત પરથી કલકલ નિનાદે રૂમઝુમ ઝરણાંની મસ્તીનો ક્યાંથી ખ્યાલ આવે? રૂઢ માન્યતા, ભય ને ભીરુતા, ગતાનુગતિક વિચારધારા અને નકારાત્મક અભિગમ ધરાવતો સમાજ કઈ રીતે ક્રાંતદષ્ટાની દૃષ્ટિના તેજને ઝીલી કે જીરવી શકે?

૬૮ વર્ષનો સંયમપર્યાય પાળનારા આચાર્યશ્રીને જીવનયાત્રાનો મંત્ર અને સંયમસાધનાનો મર્મ માતા પાસેથી સાંપડયો. માતાએ પોતાના દસ વર્ષના પુત્ર છગનને ડાહી શિખામણ આપી કે સદા અહંતનું શરણ સ્વીકારજે. શાશ્વત ધર્મ-ધન મેળવજે અને જગતના જીવોનું કલ્યાણ કરજે. માતાના આ ત્રણ અંતિમ આદેશો આચાર્યશ્રી વિજયવલ્લભસૂરીશ્વરજી મ. સાના ભાવિજીવન માટે દીવાદાંડી રૂપ બની ગયા. એ પછી વડોદરામાં છગનને નવયુગપ્રવર્તક, જૈનાચાર્ય શ્રીમદ્ વિજ્યાનંદસૂરીશ્વરજી (આત્મારામજી) મહારાજનો મેળાપ થયો. વડોદરામાં એમની વાણી સાંભળીને છગન ગદ્‌ગદિત બની ગયો. વ્યાખ્યાનમાં આવેલા સહુ કોઈ વિખરાઈ ગયા, પરંતુ બાળક છગન બેસી રહ્યો. એના અંતરમાં એટલો બધો કોલાહલ જાગ્યો હતો કે એની વાણી મૌન બની ગઇ. પૂજ્ય આત્મારામજી મહારાજે ધાર્યું કે બાળક કોઇ આર્થિક મૂંઝવણથી અકળાયેલો હશે. એમણે છગનને સાંત્વના આપતા કહ્યું કે, તું સ્વસ્થ થા. તારા અંતરનું દુઃખ કહે. તને ધનનો ખપ લાગે છે. અમે તો ધન રાખતા નથી, પરંતુ કોઈ શ્રાવક આવે તો મદદ કરવાની પ્રેરણા જરૂર આપીશ. 'પરંતુ બાળક છગનને કોઇ ભૌતિક ધનની નહીં', બલ્કે આત્મિક ધનની ખેવના હતી. પૂ. આત્મારામજી મહારાજના પ્રવચનોએ એનામાં અંતરની આરત જગાડી હતી. પછી તો દાદાગુરુના ચરણમાં વ્યાકરણ, ન્યાય, જ્યોતિષ અને ચરિત્રગ્રંથોનો અભ્યાસ કર્યો, વળી સાથોસાથ સહર્નિશ એકનિષ્ઠાથી ગુરુસેવા કરી. આમ જીવનના આરંભકાળમાં જ માતાની શિખામણ અને ગુરુનું માર્ગ-



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

દર્શન મળતાં આચાર્ય વિજયવલ્લભસૂરીશ્વરજીએ તપશ્ચર્યાથી આત્મપથ પર પ્રયાણ આદર્યું.

પોતાની આસપાસના સમાજમાં એમણે કારમી ગરીબી જોઇ. એ સમયે એક ઉક્તિ પ્રચલિત હતી કે, "પેટમાં ખાડોને વરઘોડો જુઓ" મૃત્યુ પછીના સ્વર્ગલોકને ઉજળું કરવા માટે પૃથ્વી પરના જીવનને અધમ બનાવવામાં આવતું હતું. એમાં પણ ગરીબ અને મધ્યમવર્ગની હાલત કફોડી હતી. જયારે બીજી બાજુ કેટલાંક આત્મકલ્યાણને બહાને સમાજહિતની ઉપેક્ષા કરતા હતા. આચાર્યશ્રી વિજયવલ્લભસૂરીશ્વરજીએ કહ્યું.

"ધનિક વર્ગ લહેર કરે અને આપણા સહધર્મી ભાઇઓ ભૂખે મરે એ સામાજિક ન્યાય નહીં પણ અન્યાય છે."

પાલનપુરમાં અઠાઈની તપસ્યા કરનારને સ્વામીવાત્સલ્ય કરવું પડે તેવી પરંપરા વર્ષોથી ચાલતી હતી. પરિણામે સામાન્ય સ્થિતિવાળી વ્યક્તિ એક તો તપશ્ચર્યા કરે અને વધારામાં આર્થિક બોજ સહન કરે. આથી આવી વ્યક્તિઓ તપશ્ચર્યાથી દૂર રહેવા લાગી. આચાર્યશ્રી વિજયવલ્લભસૂરીશ્વરજીએ ગરીબોની મૂંઝવણની આ નાડ પારખી લીધી. એમણે કહ્યું કે આ તો એક જાતનો ફરજિયાત કર કહેવાય ધર્મમાં આવો કર હોઇ શકે નહીં એમના ઉપદેશને પરિણામે પાલનપુરના જૈન સંઘે પોતાના આ રિવાજને તિલાંજલિ આપી.

ગરીબ અને મધ્યમ વર્ગના ઉત્કર્ષ માટે જેટલી આર્થિક સુવિધાઓની જરૂર હતી એટલી જ એમને કેળવણી આપીને સન્માર્ગે વાળવાની હતી. યુગદૃષ્ટા આચાર્યશ્રીએ કેળવણીની અનેક સંસ્થાઓ સ્થાપવાની પ્રેરણા આપી. કન્યા છાત્રાલય, બોર્ડિંગ, કોલેજ, વિદ્યાલય અને જૈનવિદ્યાપીઠની સ્થાપના કરી એમની કલ્પના તો જૈન વિશ્વવિદ્યાલયની સ્થાપનાની હતી. આચાર્યશ્રીની ઉદાર ભાવનાને કારણે માત્ર જૈનોએ જ નહિ, બલ્કે વૈષ્ણવોએ પણ એમના કેળવણી કાર્યમાં સારી એવી સખાવત આપી. વેપારી સમાજને કેળવણીના માર્ગે વાળવા માટે આચાર્યશ્રીએ કહ્યું,

'હૃદયમંદિરમાં સરસ્વતીની જ્યોત પ્રગટાવો એટલે અંતરમાં પ્રગતિની ઝંખના પ્રગટ્યા વગર નહીં રહે."

લક્ષ્મીમંદિરમાં રાચનારા લોકોને એમણે સરસ્વતીમંદિર સ્થાપવાની પ્રેરણા આપી. ગુજરાતની વિદ્યા પહેલીવાર ગુજરાતની બહાર કલિકાલર્વજ્ઞ હેમચંદ્રાચાર્ય મહારાજના ગ્રંથ રૂપે દેશની બહાર ગઈ હતી, પરંતુ એ પછી વિદ્યાપ્રેમ અને જ્ઞાન-પ્રસારનાં તેજ ઝાંખા પડવા લાગ્યા ચોપડી કરતાં ચોપડામાં વધુ રસ પડવા લાગ્યો. આવે સમયે નનામા હેન્ડબીલો છાપીને બદબોઈ કરવામાં કુશળ એવા સમાજના એક ભાગે આજથી ૭૫ વર્ષ પહેલાં શ્રી મહાવીર જૈન વિદ્યાલયના સર્જન સમયે પૂ આ. શ્રી વિજયવલ્લભસૂરીશ્વરજીને નામે કેટ-કેટલી મુશ્કેલીઓ સર્જી હશે ? આચાર્યશ્રી વિજયવલ્લભસૂરીજી મહારાજ તો સ્પષ્ટપણે કહેતા કે કેળવણી વિના આપણો આરો નથી. તેઓ ઇચ્છતા કે આ કેળવણી ધાર્મિક સંસ્કાર અને શ્રદ્ધાથી સુવાસિત હોય. તેમણે સમાજને ઢંઢોળતા કહ્યું, કેળવાયેલા જ જૈનશાસનની રક્ષા કરશે."

પ્રભાવક યુગપુરુષ પૂજ્ય આત્મારામજી મહારાજે પોતાના પટધર શ્રીવિજયવલ્લભસૂરીશ્વરજીને પોતાના અંતિમ આદેશ અને સંદેશમાં સરસ્વતીમંદિરો સ્થાપવા કહ્યું હતું. આચાર્યશ્રી વિજયવલ્લભસૂરીશ્વરજીએ પંજાબ, રાજસ્થાન, ગુજરાત અને મહારાષ્ટ્રમાં અનેક સરસ્વતીમંદિરોની સ્થાપના કરી. પોતાના દાદાગુરુની આજ્ઞાનું પાલન કરવા માટે આચાર્ય શ્રી વિજયવલ્લભસૂરીશ્વરજી પ્રતિજ્ઞા લેતા હતા. એમણે પ્રતિજ્ઞા કરી હતી કે પંજાબમાં જ્યાં સુધી જૈન કોલેજ ન સ્થપાય, ત્યાં સુધી ઉપવાસ, મૌન અને દરેક નગરમાં સાદગીભર્યો



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

પ્રવેશ. એમની પ્રતિજ્ઞાનું બળ પ્રજાકીય પુરુષાર્થનું પ્રેરક બનતું. એને પરિણામે તેઓની પ્રેરણાથી અનેક સમાજકલ્યાણનાં કાર્યો થયા. ઇ.સ. ૧૯૧૩ માં મુંબઈમાં ચાતુર્માસ સમયે વિદ્યાનું એક વાતાવરણ સર્જાયું અને એમાંથી ઇ.સ. ૧૯૧૪ માં સમાજના યુવકોના વિદ્યાભ્યાસ માટે નિવાસ આપતા શ્રી મહાવીર જૈન વિદ્યાલયની સ્થાપના થઈ. આ સમયે સંસ્થાના નામકરણનો પ્રશ્ન આવતા કોઈએ આચાર્યશ્રીને એમના દાદાગુરુનું કે એમનું નામ સાંકળવા વિનંતી કરી ત્યારે પૂ. આ વિજયવલ્લભસૂરીશ્વરજીએ કહ્યું કે આ સંસ્થાનું નામ કોઈ વ્યક્તિવિશેષને બદલે તારક તીર્થંકર ભગવાન મહાવીરના નામ સાથે જોડવામાં આવે અને આ રીતે શ્રી મહાવીર જૈન વિદ્યાલયનું નામકરણ થયું. વિદ્યાલયનો પ્રારંભ તો એક નાના બીજરૂપે થયો, પરંતુ થોડા જ વર્ષોમાં એક વિશાળ ભવન ખરીદવામાં આવ્યુ અને ઇ.સ. ૧૯૨૫ માં એ ભવનમાં શ્રી મહાવીર જૈન વિદ્યાલયનો કારોબાર ચાલવા લાગ્યો. એ પછીના વર્ષે વિદ્યાર્થીગૃહ શરૂ થયું. આ જ્ઞાનના વડલાની વડવાઈઓ ફેલાવા લાગી. અમદાવાદ, પૂના વડોદરા, વલ્લભવિદ્યાનગર અને ભાવનગરમાં એની શાખાઓ વિકસી, પરંતુ આ સંસ્થાનું સૌથી મોટું પ્રદાન તો એણે આપેલા તેજસ્વી વિદ્યાર્થીઓ છે. જે આજે દુનિયાભરના દેશોમાં ઉત્તમ કામગીરી બજાવી રહ્યા છે. આ સંસ્થા વિશે આચાર્યશ્રીએ કેવું વિરાટ દર્શન કર્યું હતું ! એમણે કહ્યું,

"મહાવીર જૈન વિદ્યાલય એ જૈન સમાજનું ગૌરવ છે. પ્રગતિની પારાશીશી છે, શ્રમની સિદ્ધિ છે. અને આદર્શની ઇમારત છે."

આજે પણ આવી સંસ્થાઓની જરૂર છે, કારણ કે જ્ઞાનપ્રસારના અભાવે કોઈપણ ધર્મ કે સમાજ ગઈકાલની અંધશ્રદ્ધા અને આવતી કાલની અસંસ્કારિતામાં ડૂબી જાય છે

એક બાજુ ક્રાંતદ્રષ્ટા આચાર્યશ્રીએ સમાજની આર્થિક અને માનસિક ગરીબી ફેડવાની પ્રેરણા આપી તો બીજી બાજુ નાના નાના વાદવિવાદ અને મતાંતરમાં ગૂંચવાયેલા સમાજને એક્તાનો સંદેશો આપ્યો. પંખી અને માનવીમાં ભેદ એટલો છે કે પંખી નીચે લડે પણ ઊંચે જાય તો કદી ન લડે. જ્યારે માનવી થોડો 'ઊંચો' જાય કે લડવાનું શરૂ થાય. શ્રી સંઘની એકતા માટે એમણે 'સવિ જીવ કરું શાસન રસિ'ની ભાવના વ્યક્ત કરી આસપાસ ચાલતા ઝગડા, મતમતાંતરો, એકબીજાને હલકા દેખાડવાની વૃત્તિ આ બધાથી તેઓ ઘણા વ્યથિત હતા. મુંબઈના ચાતુર્માસ દરમિયાન એમણે કહ્યું,

"તમે બધા જાણો છો કે આજકાલનો જમાનો જુદો છે, લોકો એકતા ચાહે છે. પોતાના હકોને માટે પ્રયત્ન કરે છે. હિંદુ–મુસલમાન એક થઈ રહ્યા છે. અંગ્રેજ, પારસી, હિંદુ અને મુસલમાન બધા એકજ ધ્યેય માટે સંગઠિત થઈ રહ્યા છે. આ રીતે દુનિયા તો આગળ વધી રહી છે ખેદની સાથે કહેવું પડે છે કે આવા સમયમાં પણ કેટલાક વિચિત્ર સ્વભાવના મનુષ્યો આપણા જ ભાઈઓ દસ કદમ પાછળ હઠવાનો પ્રયાસ કરે છે. આજે તો બધાએ એક થઈ કોઈ સમાજ, ધર્મ અને રાષ્ટ્રના કલ્યાણનું કાર્ય કરવું જોઈએ"

સમાજની એક્તા માટે તેઓએ જીવનભર પ્રયાસ કર્યો. એમનો સમાજ એટલે કોઈ સાંપ્રદાયિકતાના સીમાડામાં બંધાયેલો સમાજ નહોતો. સાંપ્રદાયિકતાથી ઉપર ઊઠે એ જ સંત. એમણે ગુરુદ્વારામાં ઉપદેશ આપ્યો હતો તેમજ એના જીર્ણોદ્ધાર માટે આર્થિક સહાયની પ્રેરણા પણ આપી હતી. મેઘવાળો માટે સૂવાનો ખંડ એમના ઉપદેશથી તૈયાર થયો હતો

પાકિસ્તાનથી આવેલા નિર્વાસિતોને સહાય કરવાની એમણે જૈનોને અપીલ કરી હતી. એક ગામમાં મુસલમાનોને મસ્જિદમાં જવા–આવવાની મુશ્કેલી પડતી હતી. એને માટે રસ્તાની જમીન આપવાની શ્રાવકો ના પાડતા હતા. આચાર્યશ્રીને



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

મુસલમાનોએ વિનંતી કરી ત્યારે આચાર્યશ્રીએ વ્યાખ્યાનમાં શ્રાવકોને પૂછયું, "આ મુસલમાનો મસ્જિદમાં શું કરે છે ?"

અગ્રણી શ્રાવકે કહ્યું. "સાહેબ ! તેઓ ખુદાની બંદગી કરે છે."

આચાર્યશ્રીએ વળતો સવાલ કર્યો, "તમે મંદિરમાં શું કરો છો ?"

"ભગવંતની સ્તુતિ" જવાબ મળ્યો.

આ સાંભળી **આચાર્યશ્રીએ કહ્યું**, " મને તો ખુદાની બંદગી અને ભગવાનની સ્તુતિમાં કોઈ ભેદ દેખાતો નથી "

અને પછી શ્રાવકોને બીજા ધર્મને આદર આપવાની વાત સમજાવી. એને પરિણામે શ્રાવકોએ મુસલમાનોને આવવા-જવાના રસ્તા માટે હર્ષભેર જમીન આપી.

આચાર્યશ્રીનો રાષ્ટ્રપ્રેમ પણ ઉદાહરણીય હતો. એમણે જીવનભર ખાદી પહેરી હતી. રેશમી વસ્ત્રોનો અવિરત વિરોધ કર્યો. આચાર્ય પદવી વખતે પણ નવ સ્મરણના પાઠ સાથેની પંડિત હીરાલાલ શર્માએ જાતે કાંતીને તૈયાર કરેલી ખાદીની ચાદર ઓઢી હતી. રાષ્ટ્રના અગ્રણીઓ આચાર્યશ્રીના દર્શને આવતા હતા. આચાર્યશ્રી વિજયવલ્લભસૂરીશ્વરજી મ. એ શ્રી મોતીલાલ નેહરૂની તમાકુની ટેવ છોડાવી હતી. અંબાલા શહેરની જાહેર સભામાં આનો એકરાર કરતાં શ્રી મોતીલાલ નેહરૂએ કહ્યું,

"હું મારી અક્કલ ગુમાવી બેઠો હતો તે આ જૈન મુનિએ ઠેકાણે આણી."

આવી જ રીતે પં. મદનમોહન માલવણિયા પણ એમના પ્રવચનો સાંભળવા આવતા અને પોતાના કાર્યમાં આશીર્વાદ માગતા હતા.

પદવી કે પ્રસિદ્ધિથી આચાર્યશ્રી હંમેશાં અળગા જ રહયા. ફાલનાની કોન્ફરન્સ વખતે શ્રી સંઘે એમને વિનંતી કરી કે તેઓને 'સૂરિસમ્રાટ'ની પદવીથી વિભૂષિત કરવા માગે છે. આ સમયે આચાર્યશ્રીએ કહ્યું,

"મારે પદવીની જરૂર નથી. મારે તો શ્રી સંઘની સેવા કરવી છે. મારા પર સૂરિનો ભાર છે તે પણ હું મૂકી દેવા માંગું છું."

એમના હૃદયની વ્યાપકતા એમના જીવન અને વાણી-બંનેમાં પ્રગટ થાય છે. એમના આ શબ્દોની મહત્તા પીછાનવા માટે કેટલું વિશાળ હૃદય જોઇએ તેઓ કહે છે,

"હું ન જૈન છું ન બૌદ્ધ. ન વૈષ્ણવ, ન શૈવ. ન હિંદુ કે ન મુસલમાન. હું તો વીતરાગ પરમાત્માને શોધવાના માર્ગે વિચરવાવાળો એક માનવી છું, એક યાત્રાળુ છું."

વિચારની કેવી ભવ્યતા અને પોતાની કેટલી લઘુતા ! મહાવીરની વીરતાએ સિંહની વીરતા છે. અહિંસા દાખવવાનું સિંહને હોય, સસલાને નહિં. એવી અહિંસક વીરતાનું જ્વલંત ઉદાહરણ છે ક્રાંત-દ્રષ્ટા આચાર્યશ્રીના જીવનમાં બનેલી પાકિસ્તાનમાં આવેલા ગુજરાનવાલાની ઘટના ૧૯૪૫ થી ૧૯૪૭ સુધીનો હિંદુસ્તાનનો એ સમય અંધાધુંધી અને ઉથલપાથલોથી ભરેલો હતો. આવે સમયે આચાર્યશ્રી વિજયવલ્લભસૂરીશ્વરજી મ.સા. પંજાબ (પાકિસ્તાન) માં ગયા અને અઢી-ત્રણ વર્ષ સુધી શાસનકાર્યો કરતાં કરતાં એક વીર સાધુની પેઠે રહ્યા. આ સમયે આચાર્યશ્રીની ઉંમર ૭૫ વર્ષની હતી. એમણે ગુજરાનવાલામાં ચોમાસુ કર્યું. ભારત-પાકિસ્તાનના ભાગલાના એ સમયમાં એમના ઉપાશ્રયમાં ચાર બોંબ મૂકાયા હતા. આચાર્યશ્રીને દેશભરમાંથી વિનંતી કરવામાં આવી કે આપ તત્કાળ ભારતમાં પાછા આવો. આચાર્યશ્રી એ બાબતમાં મક્કમ હતા કે શ્રી સંઘની એકએક વ્યક્તિ સલામત રીતે

( અનુસંધાન ટાઇટલ પેજ ૩ ઉપર )



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

વિદાય થાય એ પછી જ હું અહીંથી જવાનો છું. ગુજરાનવાલાથી અમૃતસરની આચાર્યશ્રીની એ વીરતાની કથા યાત્રા સમાન છે.

આચાર્યશ્રી વિજયવલ્લભસૂરીશ્વરજીએ પોતાના જીવનમાં ત્રણ આદર્શ રાખ્યા હતા. આત્મ સંન્યાસ, જ્ઞાનપ્રસાર અને શ્રાવક-શ્રાવિકાનો ઉત્કર્ષ. એમણે ૬૮ વર્ષની સંયમસાધનામાં આ ત્રણેય આદર્શોની સિદ્ધિ માટે સતત પ્રયાસ કર્યો. સમાજને વર્તમાનમાં જીવવાની, રાષ્ટ્રીય પ્રવાહોને ઓળખવાની, જ્ઞાન-પ્રચારની, અહિંસક વીરતાની, આત્મસાધનાની, સર્વધર્મ સમભાવની અને ગતાનુગતિકતાને બદલે સમયજ્ઞતાની પોતાની વાણી અને જીવનથી ઝાંખી કરાવીને એમણે આવતીકાલનો માર્ગ કંડારી આપ્યો. આપણે તો એટલું જ કહેવાનું રહ્યું.

**વિજયવંત તુજ નામ**
**અમોને અખૂટ પ્રેરણા આપો !**
**તારી પ્રેમ-સુવાસ સદાયે**
**ઘટઘટ માંહે વ્યાપો !**

## ❋ જ્ઞાનપંચમી મહોત્સવ ❋

શ્રી જૈન આત્માનંદ સભા તરફથી દર વર્ષ મુજબ આ વર્ષે પણ સભાના લાયબ્રેરી હોલમાં સુંદર અને કલાત્મક જ્ઞાન ગોઠવવામાં આવેલ હતા. જ્ઞાનના દર્શનાર્થે સવારના ૬ વાગ્યાથી પરમ પૂજ્ય આચાર્ય ભગવંતો તથા પ. પૂ, મુનિ ભગવંતો તથા પ. પૂ. સાધ્વીજી મહારાજ સાહેબ દર્શનાર્થે પધારેલ હતા અને દર્શનનો લાભ લીધો હતો. તેમજ ભાવનગર જૈન મૂર્તિપૂજક સંઘના દરેક ભાઈઓ તથા બહેનોએ પણ દર્શનનો લાભ ખુબ જ સારા પ્રમાણમાં લીધો હતો. તે જોઈ શ્રી સભાના દરેક ટ્રસ્ટીશ્રીએ આનંદની લાગણી અનુભવી હતી.

લી.
શ્રી જૈન આત્માનંદ સભા,
ભાવનગર.

❋

## શોકાંજલિ

શ્રી રતીલાલ ગીરધરલાલ શાહ ઉંમર વર્ષ ૮૦ તા. ૬-૧૨-૯૩ ને સોમવારના રોજ ભાવનગર મુકામે સ્વર્ગવાસી થયેલ છે. તેઓશ્રી આ સભાના આજીવન સભ્ય હતા. ધાર્મિક વૃત્તિવાળા અને શીલનસાર સ્વભાવના હતા. અને ધાર્મિક દરેક પ્રવૃત્તિમાં ખુબજ આગળ પડતો ભાગ દરેક રીતે લેતા હતા. અને ધાર્મિક કામમાં પોતાની લક્ષ્મીનો સદઉપયોગ ઘણાજ સારા પ્રમાણમાં કરતા હતા. તેમના કુટુંબીજનો ઉપર આવી પડેલ દુઃખમાં અમો સમવેદના પ્રગટ કરીએ છીએ. તેઓશ્રીના આત્માને પરમ શાંતિ મળે એવી પરમ કૃપાળુ પરમાત્મા પાસે પ્રાર્થના કરીએ છીએ.

લી.
શ્રી જૈન આત્માનંદ સભા.
ભાવનગર.

For Private And Personal Use Only

## થોડીક બુદ્ધિ,
## મામુલી ચાલબાજી

બસ, આ બેના સહારે
કરેલ ભુલો કે આચરેલા પાપોને
છુપાવવામાં કદાચ સફળતા મળી
જાય એ બને પણ
એ ભુલોનાં તથા પાપોનાં પરિણામને
અટકાવવાની તાકાત એ બન્નેમાંથી
એક પણ તત્ત્વમાં નથી. તેનો ખ્યાલ રાખજો.

## દોષો જોયા વિના
## નથી રહી શકતા ને ?

તો એક કામ કરો
તમારા હાથમાં જે દુરબીન છે ને,
એને એક બાજુ પર
રાખીને હાથમાં
અરીસો લઈ લો
તમારૂં કામ થઈ જશે.

## અળગણ પાણીનો વપરાશ
## શરીરમાં રોગો પેદા કરે છે

અળગણ પાણીનો પ્રયોગ
જીવનમાં દોષો પેદા કરે છે
પાણીને ગળો કપડાથી
વાણીને ગળો વિવેકથી.

— ગણિવર્યશ્રી રત્નસુંદરવિજયજી મ.

BOOK POST

પ્રતિ,

From
શ્રી આત્માનંદ પ્રકાશ
ઠે. શ્રી જૈન આત્માનંદ સભા
ખારગેટ, ભાવનગર-૩૬૪૦૦૧

તંત્રી : શ્રી પ્રમોદકાન્ત ખીમચંદ શાહ
પ્રકાશક : શ્રી જૈન આત્માનંદ સભા, ભાવનગર.
મુદ્રક : શેઠ હેમેન્દ્ર હરિલાલ, આનંદ પ્રી. પ્રેસ, સુતારવાડ, ભાવનગર.